# ગોદરેજ સિક્યોરિટીનો હોમ સેફમાં 80% માર્કેટ હિસ્સો

ઇટી બ્યૂરો
અમદાવાદ

હોમ સેફ સેગમેન્ટના ₹૩૫૦ કરોડના માર્કેટમાં ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશનનો ૮૦ ટકા હિસ્સો છે અને ₹૨૭૦ કરોડનું કામકાજ ધરાવે છે. કંપનીએ આ સેગમેન્ટમાં ઈઝી વ્યૂઈંગ એવરીવ્હેર (ઈવ) હેઠળ ત્રણ વેરિયન્ટ બજારમાં મૂક્યાં છે જે મોબાઈલ ફોન સાથે જોડાયેલી છે. કંપની આર એન્ડ ડી પાછળ દર વર્ષે ₹૧૦ કરોડનો ખર્ચ કરે છે એમ જણાવીને કંપનીના એસો વાઈસ પ્રેસિડન્ટ અને ગ્લોબલ હેડ મેહેરનોશ પીઠાવાલાનું કહેવું હતું કે, હાલ દેશમાં ત્રણ ટકા લોકો જ આધુનિક સિક્યોરિટી સિસ્ટમ ધરાવે છે."

ગોદરેજ ગ્રૂપનો ભાગ ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સે ઈવ સિરીઝ નામની લેટેસ્ટ વાઈફાઈ એનેબલ્ડ સીસીટીવી લોંચ કર્યું હતું. ઈવી સિરીઝના સીસીટીવી મોશન સેન્સિંગ પર આધારિત ઓટો-રેકોર્ડ ફંક્શન સાથે સજ્જ છે. ઈવી સિરીઝ ₹૫,૦૦૦થી શરૂ થાય છે.

પીઠાવાલાએ કહ્યું હતું કે, "અમદાવાદ અમારા માટે અતિમહત્ત્વપૂર્ણ બજાર છે, કારણ કે તે અમારા સંપૂર્ણ વ્યવસાયમાં વેચાણની આવકમાં નોંધપાત્ર હિસ્સો પ્રદાન કરે છે.

ઈવી સિરીઝની પ્રોડક્ટ્સને કારણે ખાસ કરીને જેઓ ઘરે બાળકો, વૃદ્ધ માતા-પિતાઓ અને જીવનસાથીને એકલા મૂકીને જાય છે તેઓ હવે સમગ્ર દુનિયામાં કોઈ પણ જગ્યાએથી તેમના સ્માર્ટફોન મારફતે તેમનાં પ્રિયજનો પર સતત નજર રાખી શકશે. તેઓ મોબાઈલ હેન્ડસેટ પર વિડિયો સીધો સ્ટ્રીમ કરવા અને ફૂટેજનું ઓટો-રેકોર્ડિંગ પણ કરી શકશે."